ગાંધીનગર સમાચાર

મનપાના કર્મચારીઓને ૭મા પગારપંચનો લાભ મળશે

# વોર્ડ-૨ અને ૫ ને ઓ.ડી.એફ. જાહેર કરવાની દરખાસ્ત પર ભાજપ કોંગ્રેસ વચ્ચે હુંસાતુંસી

## સભ્યની ગેરહાજરી અને મેયરે મતદાન ટાળતાં મનપામાં વિપક્ષની માંગ મુજબ દરખાસ્ત મુલ્તવી રહી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં વોર્ડ નં. ૨ અને ૫ ને ઓ.ડી.એફ. જાહેર કરવાની દરખાસ્ત વિપક્ષના આગ્રહને લઈ મુલ્તવી રાખવાની જાહેરાત મેયર પ્રવિણ પટેલે કરી છે.

આજે મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળેલ સામાન્ય સભામાં આ દરખાસ્ત પરની ચર્ચા દરમ્યાન વિપક્ષ કોંગ્રેસે પ્રશ્નો અને પેટાપ્રશ્નોની ઝડીઓ વરસાવી અને દરખાસ્ત મુલ્તવી રાખવા જણાવ્યુ હતુ.

ભાજપના એક વરિષ્ઠ કાઉન્સીલરની ગેરહાજરીને કારણે મેયરને કાસ્ટિંગ વોટનો ઉપયોગ કરવાની ફરજ પડશે તે સમજીને જ કોંગ્રેસે આ આગ્રહ ચાલુ રાખ્યો હતો. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હાલ મેયરપદને લઈ કાનૂની વિવાદ ઉભો હોવાથી મતદાન ટાળવાનો વચલો માર્ગ અપનાવી મેયર પ્રવિણ પટેલે આ દરખાસ્ત મુલ્તવી રાખવાની જાહેરાત કરી હતી.



મેયર એક તબક્કે પ્રસ્તાવ મતદાન પર મુકવા માટે જતા હતા પરંતુ પક્ષના જ કેટલાક આગેવાનોએ તેમને ઈશારાથી સંદેશ આપી ચર્ચા લંબાવી અને છેલ્લે તેમણે આ દરખાસ્ત મુલ્તવી રાખવાની જાહેરાત કરી હતી.

અગાઉ તત્કાલીન મેયર મહેન્દ્રસિંહ રાણાના સમયમાં પણ પાણી-ગટરની સેવા સંભાળવા બાબતની દરખાસ્ત મુલ્તવી રખાઈ હતી. આ ઉપરાંત અન્ય એક-બે દરખાસ્તો પણ મુલ્તવી રખાઈ હતી.

નવા રચાયેલા બોર્ડમાં આ પ્રથમવાર દરખાસ્ત મુલ્તવી રકાવવામાં વિપક્ષ કોંગ્રેસને સફળતા મળી છે એટલુ જ નહિ મેયરે મતદાન ટાળી અને કાનૂની વિવાદથી પર રહેવાનો હાથવગો ઉપાય અજમાવતાં પાટનગરના રાજકીય વર્તુળોમાં આજની બેઠકે ભારે ઉત્તેજના જગાવી છે.

વોર્ડ નં. ૨ અને ૫ ને ઓડીએફ જાહેર કરવા માટે અગાઉ સ્થાયી સમિતિએ મંજૂરી આપી સામાન્ય સભાની બહાલી માટે તે રજુ થઈ હતી. પરંતુ આજે વિપક્ષે તેની ક્ષમતાનો પરચો સભ્યની ગેરહાજરીને લઈ આપ્યો છે. આ દરખાસ્ત પરની ચર્ચામાં ભાજપ-કોંગ્રેસના સભ્યોએ સારો એવો રસ દાખવ્યો હતો. તંત્રનો જવાબ લૂલો રહ્યો હતો તેમજ આ બન્ને વોર્ડમાં પુનઃ સર્વે કરવામાં આવશે તેવી પણ વાત બચાવમાં રજુ કરી હતી પરંતુ તે કારગત નીવડી ન હતી.

# જ-માર્ગ ૨૨મી સાંજથી ૨૭ કલાક માટે સંપૂર્ણ બંધ રહેશે

## ગાંધીનગર શહેરનો જ-માર્ગ તા. ૨૨મી ઓકટોબરના રોજ સાંજના ૫ કલાકથી તા. ૨૩ ઓકટોબરના રોજ સાંજના ૮ કલાક સુધી સંપૂર્ણ બંધ રહેશે

ગાંધીનગર, તા.૨૦

ભારતના મહામહિમ રાષ્ટ્રપતિશ્રી તા. ૨૨ અને ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ ગાંધીનગરની મુલાકાતે આવનાર છે. મહામહિમ રાષ્ટ્રપતિ તા. ૨૨ અને ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ રાજભવન ખાતે રોકાણ કરનાર છે. તેમજ તા.૨૩મી ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ શ્રી બાપુ કોલેજ, વાસન મહાદેવ, તા.જી. ગાંધીનગર ખાતે મુલાકાતે પધારનાર છે. રાજભવન જ રોડને અડીને આવેલ હોવાથી તા. ૨૨/૧૦/૨૦૧૬ ના રોજ સાંજ ૫.૦૦ કલાક થી તા. ૨૩/૧૦/૨૦૧૬ના ૮.૦૦ કલાક સુધી જ રોડ સંપૂર્ણ બંધ કરવાનો હુકમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર શ્રી એ.બી.પટેલે જાહેરનામું બહાર પાડીને કર્યો છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર શ્રી એ.બી. પટેલે જાહેરનામામાં જણાવ્યુંછે કે, તા. ૨૨ અને ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ જ માર્ગ બંધ હોવાથી વૈકલ્પિક માર્ગની વ્યવસ્થા કરવામાં આવી છે. જે અંતર્ગત સાબરકાંઠા-રાજસ્થાન-દહેગામ-ચિલોડા તરફથી આવતા માલવાહક ભારે વાહનો તથા મધ્યમ વાહનોને ચિલોડા સર્કલથી પાલજ, બાસણ, શાહપુર ચોકડી, સરગાસણ, ખ-૦ થઈ જઈ શકશે. અથવા ચિલોડાથી રણાસણ, નરોડા તરફ વાળી રીંગરોડથી વૈષ્ણવદેવી તરફ વાળી શકાશે. સરખેજ તરફથી આવતા ભારે વાહનો સરખેજ, અડાલજ, સરગાસણ, ખ-૦ થઈ શાહપુર ચોકડી થઈ બાસણ પાલજ થઈ ચિલોડા તરફ અથવા વૈષ્ણવદેવી સર્કલથી રીંગરોડ થઈ રણાસણ સર્કલ થઈ હિંમતનગર હાઈવે તરફથી વાળી શકાશે. ગાંધીનગર સ્થાનિક ભારે તથા મધ્યમ માલવાહક વાહનો જાહેરનામા અન્વયે ફકત રાત્રિના કલાક – ૯.૦૦ થી સવારના ૭.૦૦ કલાક સુધી ઘ અને ચ રોડ મારફતે ગાંધીનગર શહેરમાં પ્રવેશી શકશે. પેથાપુર તથા વિજાપુર, માણસા તરફથી આવતાં મધ્યમ માલવાહક વાહનોને પ્રેસ સર્કલથી આદિવાડા, ક-૭, ક-૬ થઈ વાવોલ થઈ પુન્દ્રાસણ ચોકડી થઈ ઉવારસદ થઈ જઈ શકશે. સરખેજ, અડાલજ હાઈવે પરથી આવતા વાહનો કે જેઓ મહેસાણા, માણસા તરફ જવા ઈચ્છુક હોય તેઓ ઉવારસદ ચોકડીથી ક રોડ ઉપર થઈ ક-૭ થઈ પસાર થવાનું રહેશે. ચિલોડા તરફથી માણસા, મહેસાણા, તરફ અને માણસા, મહેસાણા થી ચિલોડા તરફ જતા આવતા વાહનો સેકટર- ૩૦ સર્કલ થઈ રોડ નં-૭, ક-૭ થઈ પસાર થઈ શકશે.

# મનપાના કર્મચારીઓને ૭મા પગારપંચનો લાભ મળશે

## વાર્ષિક ૩ કરોડનો બોજ મનપા પર પડશે : ૮૯ કર્મચારીઓને આ અમલનો લાભ પ્રાપ્ત થશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાના ૮૯ કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપવાની દરખાસ્ત આજે સામાન્ય સભાએ મંજૂર કરતા હવે પછી આ દરખાસ્ત રાજ્ય સરકારને મંજૂરી માટે મોકલવામાં આવશે.

મનપાના ૮૯ કર્મચારીઓને આ ૭મા પગાર પંચનો લાભ અપાતાં મનપાની તિજોરી પર વાર્ષિક ત્રણ કરોડનો બોજ આવશે. માસિક ભારણ રૂ. ૨૪.૪૦ લાખ જેટલુ થવા જાય છે.

સરકારને આ દરખાસ્ત આગામી એક-બે દિવસમાં મોકલી આપવામાં આવશે. અર્થાત દિવાળી પછી મનપાના કર્મચારીઓને ૭મા પગારપંચનો લાભ મળશે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વર્ગ-૧ અને ૨ ના ૬ અધિકારી છે, જ્યારે વર્ગ-૩ના ૧૪ અને વર્ગ-૪ના ૬૯ કર્મચારીઓને આનો લાભ મળશે. મનપાની સ્થાયી સમિતિએ અગાઉ આ દરખાસ્તને બહાલી આપી દીધી હતી. આજે મનપાની મળેલ સામાન્ય સભામાં આ દરખાસ્તને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

પગારપંચની ભલામણોના અમલ અંગે સરકારની મંજૂરી મળેથી એરિયર્સ સાથે તે ચુકવી આપવામાં આવશે તેમ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ ભલામણોનો અમલ ૧-૧-૧૬થી કરવામાં આવશે. અર્થાત કર્મચારીઓને ૧૦ માસનું એરિયર્સ ચુકવવામાં આવશે.

# પ્રજાને પહેલા સુવિધા આપો પછી ઓ.ડી.એફ. જાહેર કરો

## કોંગ્રેસના જીતુ રાયકાએ આંદોલનની ચીમકી આપી તો મીનાબેન વાઘેલા અને ચીમન વિંઝુડાએ પૂરક પ્રશ્નોની ઝડીઓ વરસાવી : કાર્તિક પટેલ અને ડે. મેયરે લોકોમાં જાગૃતિ પર ભાર મુક્યો : આખરે પ્રસ્તાવ મુલ્તવી રાખતા મેયર પ્રવિણ પટેલે કુનેહથી મામલો અને મતદાન ટાળ્યુ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સામાન્ય સભાની બેઠકમાં વોર્ડ નં. ૨ અને ૫માં સુવિધાઓ ઉપલબ્ધ ન હોઈ તેને ઓ.ડી.એફ. જાહેર કરવાની દરખાસ્ત મુલ્તવી રાખવી જોઈએ તેવી તીવ્ર માંગ કોંગ્રેસ પક્ષ દ્વારા કરવામાં આવી હતી.

કોંગીના કાઉન્સીલર જીતુ રાયકાએ ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યું હતું કે વ્યક્તીગત શૌચાલયો કે મોબાઈલ ટોયલેટ પણ પુરતા મુકાયા નથી અને આટલી ઉતાવળ આ જાહેર કરવા માટે કેમ થઈ રહી છે તે સમજાતુ નથી.

મેયર પ્રવિણ પટેલે આ બે વોર્ડમાં ૫૭૦૦ જેટલા શૌચાલયો બનાવ્યા હોવાની વાત રજુ કરી અને કોંગ્રેસને તેની માંગ પડતી મુકવા જણાવ્યું હતુ.

જીતુ રાયકાએ ઉગ્ર રજુઆત કરતાં જણાવ્યું

● અનુસંધાન પાન-૭ પર

# પુસ્તકમાં અભ્યાસક્રમને અનુરૂપ પ્રયોગિક કૌશલ્યના પ્રશ્નો સહિત આદર્શ પ્રશ્નપત્રોનો સમાવેશ

## પ્રશ્નોના ઉકેલ માટે વૈકલ્પિક રીત, જુદી શૈલીથી પુછાત પ્રશ્નો ઝડપી પુનરાવર્તન થઇ શકે તેવા મુદ્દાઓ પ્રશ્નબેંક પુસ્તકની વિશેષતા

ગાંધીનગર તા ૨૦

વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ જેઈઈ ,નીટ તેમજ ગુજસેટ સહીતની કારકીર્દી ઘડતરની પરીક્ષામાં પથદર્શક બની રહે તે માટે પાઠયપુસ્તક મંડળ દ્વારા પ્રશ્નબેંક પુસ્તકનુ વિમોચન કરવામાં આવ્યુ છે. વિદ્યાર્થીઓને ઉત્તમ પરિણામ મેળવવામાં સહાયક બનવા માટે આ પુસ્તકોનુ પ્રકાશન કરવામાં આવ્યુ છે. વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની સ્પર્ધાત્મક પરીક્ષાઓની મુંઝવણને દુર કરવા માટે પ્રશ્નબેંક પુસ્તક ગુજરાતી ભાષામાં તૈયાર કરવામાં આવ્યુ છે. જીવ વિજ્ઞાન,ભૌતિક વિજ્ઞાન ,રસાયણ વિજ્ઞાન તેમજ ગણિત વિષયના બે પુસ્તકો તેમ કુલ પાંચ પુસ્તકોનો સેટ તૈયાર કરાયો છે. વિજ્ઞાન પ્રવાહની તમામ શાળાઓને પાંચ સેટ વિના મુલ્યે આપવાનો પણ નિર્ણય લેવાયો છે. જેની પાછળ ૮૮ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. વિદ્યાર્થીઓના કારકીર્દી

● અનુસંધાન પાન-૭ પર

# દિપાવલીના પર્વોમાં મનપાના સભ્યો ગોવા જશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સીલરો આગામી ૧૫ અને ૧૬ દજરમાયાન ગોવા જઈ રહ્યા છે. ગોવા ખાતે સેનીટેશન અંગેના યોજાયેલા વર્કશોપમાં ભાગ લેવા માટે આ કાઉન્સીલરો જઈ રહ્યા છે.

ગઈકાલે ઉતાવળે બોલાવાયેલ સ્થાયી સમિતિમાં આ વર્કશોપમાં ભાગ લેવા જવા માટેનો નિર્ણય લઈ લેવામાં આવ્યો છે. આ માટે રૂ. ૧૦ લાખ જેટલો જંગી ખર્ચ થવાનો અંદાજ છે.

સભ્યો હવાઈ માર્ગે ગોવા જવા રવાના થશે. દિપાવલીનું વેકેશન પર્વ હોવાથી હોટલોના ભાડા પણ ઉંચા ચુકવવાના થશે તેમ જાણવા મળેલ છે. ગયા વર્ષે પણ આવો જ સેમિનાર ગોવામાં યોજાયો હતો. જો કે તેમાં છેલ્લી ઘડીએ ઘણા સભ્યો જોડાયા ન હતા. જે ઉલ્લેખનીય છે. અત્યારે દિપાવલીનું વેકેશન હોવાથી સભ્યો ભાગ લેવાના બહાને પર્વનો આનંદ લેવા જશે એ સ્પષ્ટ થઈ ચુક્યુ છે અને સભ્યોને આ અંગે બે દિવસમાં તેની જાણ મનપાના તંત્રને કરવાની છે.






## જાહેરાત

રાજ્ય સરકાર દ્વારા માનવ વિકાસ સૂચકાંકને ઊંચો લાવવાના હેતુસર અમલમાં મુકાયેલ ફ્લેગશીપ અને મીશનમોડ પ્રકારની યોજનાઓના સરળ અમલીકરણ માટે ગાંધીનગર જિલ્લામાં કલેક્ટર કચેરી ખાતે નીચેની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરારથી ભરવાની હોઈ, જે તે જગ્યા માટે તેની સામે દર્શાવેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ ઉંમર, શૈક્ષણિક લાયકાત, અનુભવ વિગેરેને લગતાં પ્રમાણિત પ્રમાણપત્રો સાથેની અરજી તા. ૨૫/૧૦/૨૦૧૬ના રોજ સાંજના ૫.૦૦ વાગ્યા સુધીમાં dpo-gnr@Gujarat.gov.in પર ઈ-મેઈલ દ્વારા જિલ્લા આયોજન કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.

**૧. સિનીયર પ્રોજેક્ટ એસોસીયેટ્સ કમ કન્સલટન્ટ - ૧ જગ્યા**
**માસિક ફીક્સ પગાર રૂ. ૩૦,૦૦૦/-**

લાયકાત : The candidate should be at least Post Graduate in Economics, Mathematics, Sociology or Statistics or should have Master Degree in Management having experience of at least one to two years in the relater field. The candidate who have degree of M.Phil., Ph.D., who have presented research papers in Seminars / Conferences or having teaching Experience would be given preference. Well Development IT skills will be an essential requirement. The candidate having experience of similar type in state Government will be given Preference.

**૨. સિનિયર પ્રોજેક્ટ એસોસીયેટ્સ - ૧ જગ્યા**
**માસિક ફીક્સ પગાર રૂ. ૨૦,૦૦૦/-**

લાયકાત : The candidate should be at least Post Graduate in Economics, Mathematics, Sociology or Statistics or should have Master Degree in Management. The candidate who have research or work experience in relevant field would be given preference. Well developed IT skills will be an essential requirement.

ઉપરોક્ત નિમણુંક કરવાની તમામ સત્તા કલેક્ટરશ્રીને અબાધિત રહેશે.

તા. ૧૯/૧૦/૨૦૧૬ — સહી/-

માહિતી/૧૮૪૩/૧૬-૧૭ — કલેક્ટર, ગાંધીનગર


શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com